# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર – પરીક્ષા શાખા.

## એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૨/૦૭/૨૦૨૪ તથા તા. ૨૩/૦૭/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની સભા તા. ૨૨/૦૭/૨૦૨૪ ને સોમવાર તથા તા. ૨૩/૦૭/૨૦૨૪ ને મંગળવારનાં રોજ એમ બે દિવસ મા. કુલપતિશ્રી ડો. મુકુલભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને સવારના ૧૧.૦૦ કલાકે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે મળેલ.

**નીચે મુજબના સદસ્યશ્રીઓ મીટીંગમાં હાજર રહેલ.**

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૨) કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૩) વૈદ્ય ભરતભાઈ કળસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
હાલ : નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૫) વૈદ્ય ભરતભાઈ મુંગરા, રીડર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૬) વૈદ્ય સારીકાબેન ધનંજયભાઈ પટેલ, પ્રોફેસર, શ્રી વી. એમ. મહેતા ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદા, આણંદપર, રાજકોટ
(૭) કંટ્રોલર ઓફ એકઝામીનેશન, પરીક્ષા શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નીચે મુજબના સદસ્યશ્રી મીટીંગમાં હાજર રહી શકેલ નહીં.**

(૧) વૈદ્ય અર્પણભાઈ એ. ભટ્ટ, પ્રોફેસર, આઈ.ટી.આર.એ., જામનગર
(૨) વૈદ્ય દિલિપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા

કાર્યસુચિ–૧ :
એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૭/૦૫/૨૦૨૪ તથા તા. ૨૮/૦૫/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજુર થવા અંગે.

ઉપરોકત કાર્યવાહીની નોંધ બોર્ડના સર્વે સદસ્યશ્રીઓને પત્ર નં. ૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૪–૨૫/૨૯૦, તા. ૨૯/૦૫/૨૦૨૪ થી મોકલી આપવામાં આવેલ છે, જે મંજુર થવા પ્રસ્તાવ છે.

**ઉપરોકત મીટીંગની કાર્યવાહીની નોંધ નીચે મુજબની જરૂરી સ્પષ્ટતા સાથે મંજુર કરવામાં આવી.**

બાબત–૨
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન સર્વે આયુર્વેદ કોલેજોના પ્રાધ્યાપકશ્રીઓને તાલીમ આપવા બાબત.

**આચાર્યશ્રી તેમજ તમામ શૈક્ષણિક સંવર્ગ અને પરીક્ષાલક્ષી કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓ (કલાર્ક) માટે તાલીમનું આયોજન પ્રાધ્યાપકશ્રીના રોટેશનવાઈઝ તેમજ ઝોનવાઈઝ કરવું. સદરહુ તાલીમ પરીક્ષા સાથે સંકળાયેલ તમામ માટે ફરજીયાત રહેશે. નીચે મુજબની ફરજો માટે તાલીમનું આયોજન કરવાનું રહેશે.**

**(૧) ચીફ સુપરવાઈઝર / પ્રિસાઈડીંગ ઓફીસર**
**(૨) સીનીયર સુપરવાઈઝર**
**(૩) જુનીયર સુપરવાઈઝર**
**(૪) પેપર સેટર**
**(૫) પેપર મોડરેટર**
**(૬) પેપર ચેકર**
**(૭) પ્રેકટીકલ એકઝામીનર**
**(૮) સ્કવોડ મેમ્બર**
**(૯) પરીક્ષા કો–ઓર્ડીનેટર**
**(૧૦) પરીક્ષા કલાર્ક**
**(૧૧) પરીક્ષા સેન્ટર**

**આ બાબતે દિવસ–૭ માં યુનિવર્સિટી સંલગ્ન કોલેજો / સંસ્થાઓએ આચાર્યશ્રીના અધ્યક્ષસ્થાને પ્રાધ્યાપકશ્રીઓ તથા પરીક્ષા કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓની સાથે સ્થાનિક કક્ષાએ મીટીંગનું આયોજન કરી, પરીક્ષા સંબંધિત સુચનો / સમસ્યા / સમાધાનની માહિતી / તાલીમ અંગેના સુચનો મંગાવવા તેમજ કોલેજ પાસેથી મીટીંગની મીનીટસ મંગાવવી. ત્યારબાદ પરીક્ષા શાખા દ્વારા તમામ બાબતો સંકલિત કરી તાલીમ માટે મોડયુલ તૈયાર કરી પુનઃ એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની સભા સમક્ષ રજુ કરવું તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

**ઉપરોકત મીટીંગની કાર્યવાહીની નોંધ મંજુર થતાં માન. અધ્યક્ષશ્રીએ સહી કરેલ.**

કાર્યસુચિ–૨ :
એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૭/૦૫/૨૦૨૪ તથા તા. ૨૮/૦૫/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે લેવામાં આવેલ પગલાંની વિગત.

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની વિગત પત્રક–ક થી સામેલ રાખેલ.

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવેલ.**

કાર્યસુચિ–૩ :
બી.એ.એમ.એસ. ની ઓગષ્ટ–૨૦૨૪ ની ચારેય વર્ષના (એમ.એસ.આર.–૨૦૧૬) જુના સિલેબસની લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓની તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત થવા બાબત.

બી.એ.એમ.એસ. ની ઓગષ્ટ–૨૦૨૪ ની ચારેય વર્ષના (એમ.એસ.આર.–૨૦૧૬) જુના સિલેબસની લેખિત પરીક્ષા તા. ૨૯/૦૮/૨૦૨૪ થી તથા પ્રેકટીકલ પરીક્ષા તા. ૦૯/૦૯/૨૦૨૪ થી શરૂ થનારછે. આ લેખિત તેમજ પ્રેકટીકલ પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓની તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત થવા પ્રસ્તાવ રજુ કરેલછે.

આ પરીક્ષામાં કુલ–૨૬ કોલેજો હોવાથી કુલ–૨૬ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત કરવાની રહે છે. લેખિત પરીક્ષા માટે અંદાજીત ૧૮૦ પરીક્ષકશ્રીઓની નિયુકિત કરવાની રહે છે. પ્રેકટીકલ પરીક્ષા માટે કુલ–૫૨ પરીક્ષકશ્રીઓની નિયુકિત કરવાની રહે છે.

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે બી.એ.એમ.એસ. ની તા. ૨૯/૦૮/૨૦૨૪ થી શરૂ થનાર લેખિત તેમજ તા. ૦૯/૦૯/૨૦૨૪ થી શરૂ થનાર પ્રેકટીકલ પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓની તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત સર્વાનુમતે કરવામાં આવી.**

**ક્રિષ્ના આયુર્વેદ કોલેજ, વરણામાના વિદ્યાર્થીઓની લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા વહીવટી સરળતા માટે સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરામાં લેવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

**તા. ૦૯/૦૯/૨૦૨૪ થી ધ્વિતીય અને ચતુર્થ વર્ષની પ્રેકટીકલ પરીક્ષા શરૂ કરવી અને તે પૂર્ણ થયા બાદ પ્રથમ અને તૃતીય વર્ષની પ્રેકટીકલ પરીક્ષા શરૂ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

કાર્યસુચિ–૪ :
બી.એ.એમ.એસ. ના ધ્વિતીય વર્ષના દ્રવ્યગુણ–૨ તથા રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના–૨ પેપરો તૈયાર કરવા માટે પેપર સેટર તથા મોડરેટરની નિયુકિત થવા બાબત.

બી.એ.એમ.એસ. ના ધ્વિતીય વર્ષના દ્રવ્યગુણ–૨ તથા રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના–૨ ના પેપરો તૈયાર કરવા માટે કુલ–૦૨ પેપર સેટરો અને કુલ–૦૨ પેપર મોડરેટર બંને મળી કુલ–૦૪ પરીક્ષકશ્રીઓની નિયુકિત થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

...૩...

**બી.એ.એમ.એસ. ના ધ્વિતીય વર્ષના દ્રવ્યગુણ વિષયના તથા રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના વિષયના પ્રશ્ન પેપરો તૈયાર કરવા માટે તથા પેપરો મોડરેટ કરવા પ્રાધ્યાપકશ્રીઓની નિયુકિત સર્વાનુમતે કરવામાં આવી.**

**દ્રવ્યગુણ વિષયના તથા રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના વિષયના પેપર સેટર તરીકે ત્રણ – ત્રણ પ્રાધ્યાપકશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ છે. ત્રણેય પ્રાધ્યાપકશ્રીઓ પાસે જે તે વિષયના એક પેપર સેટ તૈયાર કરાવવાના રહેશે. જયારે તેનું મોડરેશન એક પ્રાધ્યાપકશ્રી પાસે કરાવવાનું રહેશે.**

**હવેથી દરેક પરીક્ષામાં પ્રશ્નપેપરની જરૂરીયાત અનુસાર દરેક પેપર સેટર પાસે એક પેપર સેટ જ તૈયાર કરાવવાના રહેશે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

કાર્યસૂચિ–૫ :
સ્કવોડ મેમ્બર તરીકે ગયેલ પ્રાધ્યપકશ્રીઓ તરફથી આવેલ સૂચનો બાબત.

બી.એ.એમ.એસ. ની જુન–૨૦૨૪ ની લેખિત પરીક્ષા તા. ૨૫/૦૬/૨૦૨૪ થી શરૂ થયેલ તેમજ તા. ૦૪/૦૭/૨૦૨૪ નાં રોજ પૂર્ણ થયેલ. આ પરીક્ષામાં તા. ૨૭/૦૬/૨૦૨૪ થી તા. ૦૪/૦૭/૨૦૨૪ દરમ્યાન સ્કવોડ મેમ્બર તરીકે ગયેલ સદસ્યશ્રીઓની વિગત દર્શાવતું પત્રક પરિશિષ્ટ–૧ થી એજન્ડા સાથે સામેલ રાખેલ, જે વંચાણે લઈ યોગ્ય નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે સ્કવોડ મેમ્બર તરીકે ગયેલ પ્રાધ્યાપકશ્રીઓ તરફથી આવેલ સુચનો વંચાણે લઈ નીચે મુજબના નિર્ણયો સર્વાનુમતે કરવામાં આવ્યા. આ બાબતની જાણ દરેક કોલેજને કરવી તેમ નકકી કરવામાં આવ્યું.**

**(૧) જો સવારના ભાગમાં પરીક્ષા હોય તો પ્રશ્ન પેપર પરીક્ષાના સમયે એટલે કે, ૦૯.૩૦ વાગ્યે જ આપવું અને જો બપોરના ભાગમાં હોય તો પ્રશ્ન પેપર પરીક્ષાના સમયે એટલે કે, ૦૩.૦૦ કલાકે જ આપવું.**

**(૨) જે દિવસે જે વિષયની પરીક્ષા હોય તે દિવસે તે વિષયના પ્રાધ્યાપકશ્રીને જુનીયર સુપરવાઈઝર તરીકે નિમણુંક ન કરવી.**

**(૩) પરીક્ષાના દિવસે ઓ.એમ.આર. લખવાનો સમય પૂર્ણ થઈ ગયા બાદ ઓ.એમ.આર. શીટનું પેકીંગ પરીક્ષા ખંડમાં સીસીટીવી કેમેરા હેઠળ જ કરવું અને પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડમાં રાખવું.**

કાર્યસૂચિ–૬ :
કોરી ઉતરવહીઓ પરત મોકલવા બાબત.

બી.એ.એમ.એસ. ની કોઈપણ પરીક્ષા શરૂ થતાં પહેલાં દરેક કોલેજોને કોરી ઉતરવહીઓ તેના સીરીયલ નંબર સહિત મોકલવામાં આવે છે. ઘણી વખત કોરી ઉતરવહીઓમાં પેજ નંબર ખોટા દર્શાવેલ હોય છે, ઉતરવહીઓ ખરાબ નીકળે છે. આવા કારણોસર દરેક કોલેજોને પહેલેથી જ તેના વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં વધુ કોરી ઉતરવહીઓ મોકલવામાં આવે છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ જે કોલેજો પાસે કોરી ઉતરવહીઓ વધવા પામે છે તે બધી કોરી ઉતરવહીઓ યુનિવર્સિટીને પરત મોકલી આપે છે. કોરી ઉતરવહીઓ પાછી મોકલવા બાબતે કોઈ ટેકનીકલ પોબ્લેમ આવે કે કેમ ? તે અંગે એકઝામીનેશન કંટ્રોલ બોર્ડના સદસ્યશ્રી તરફથી આવેલ સૂચન પરત્વે ચર્ચા વિચારણા કરી નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે કોરી ઉતરવહીઓ પરત મંગાવી લેવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

...૪...

કાર્યસૂચિ–૭ :
કોરી ઉતરવહીઓ છપાવવા બાબતે ઉતરવહી કેવી રાખવી તે બાબતે નિર્ણય થવા બાબત.

હાલ પરીક્ષા શાખા પાસે કોરી ઉતરવહીઓ આગામી બે પરીક્ષા જેટલી વધવા પામેલ છે. આથી નવી કોરી ઉતરવહીઓ છપાવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહે છે. હવે ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઈન કરાવવામાં આવે છે તેથી ઉતરવહીઓ સ્કેન કરવાની રહે છે, જે ધ્યાને લઈ નવી કોરી ઉતરવહીઓ છપાવવા બાબતે તે કેવી હોવી જોઈએ તે અંગે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણાના અંતે ઉતરવહીઓ નવી છપાવવા બાબતે જરૂરી સુધારાઓ સર્વાનુમતે સૂચવવામાં આવ્યાં.**

કાર્યસૂચિ–૮ :
પરીક્ષાલક્ષી મહેનતાણાના દરોમાં ફેરફાર કરવા બાબત.

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૬/૨૦૨૩ ની સભામાં કાર્યસૂચિ–૪ થી થયેલ નિર્ણય અનુસાર પરીક્ષા અંગેના મહેનતાણાના દરો મંજુરી માટે ફાયનાન્સ કમિટિની તા. ૧૮/૦૭/૨૦૨૩ ની સભામાં બાબત–૪ થી રજુ કરવામાં આવેલ. આ દરો બાબતે ફાયનાન્સ કમિટિ દ્વારા મંજુરી માટે ભલામણ કરવામાં આવેલ. બોર્ડ ઓફ ગવર્નન્સની તા. ૨૧/૦૭/૨૦૨૩ ની સભામાં બાબત–૪ થી મંજુર કરવામાં આવેલ છે તદઅનુસાર પરિશિષ્ટ–૨ અનુસાર મંજુર કરવામાં આવેલ છે તદઅનુસાર સાથેના પરિશિષ્ટ–૧ અનુસાર પરીક્ષાલક્ષી મહેનતાણાના દરો અમલમાં છે અને તે મુજબ ચૂકવણું કરવામાં આવે છે. આ પત્રકના ક્રમ નં. ૪ અને ૮ નીચે મુજબ છે.

| Sr. No. | Duty / Nature of Work | Units | Revised Rates of Remuneration (In Rs.) |
|---|---|---|---|
| 4 | Paper Evaluation for U.G. by Online | Per Paper | Rs.75/- per paper subject (Minimum 300/-) |
| 8 | Re-assessment Answer Sheet Valuation | -- | Rs.60/- per paper subject (Minimum 1000/-) |

ઉપરોક્ત વિગતોએ જણાવવાનું કે, ઓનલાઈન પેપર જોવા માટે ક્રમ નં.૪ માં દર્શાવ્યા અનુસાર એક પેપરના રૂા. ૭૫/– નકકી થયેલ છે, જયારે ક્રમ નં. ૮ માં રી–એસેસમેન્ટ માટે એક પેપરના રૂા. ૬૦/– નકકી થયેલ છે. રી–એસેસમેન્ટના પેપર પણ પ્રાધ્યાપકશ્રીને જોવા માટે ઓનલાઈન મોકલવામાં આવે છે, જે ધ્યાને લઈ રી–એસેસમેન્ટના પેપર જોવાના દરોમાં ફેરવિચારણા કરવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે આન્સર શીટના રી–એસેસમેન્ટ ઓનલાઈન કરાવવા માટે એક પેપરના રૂા. ૭૫/– ચૂકવવા તેમજ પ્રેકટીકલ પરીક્ષા માટે હેડકલાર્કને એક દિવસના રૂા. ૪૦૦/– ચૂકવવા તે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. હાલ તેમજ તા. ૦૨/૦૮/૨૦૨૩ ના પરીપત્ર નં. ૪/પરીક્ષા/૨૦૨૩–૨૪/૫૪૭ બાદ જે પ્રાધ્યાપકશ્રીઓ પાસે રી–એસેસમેન્ટ ઓનલાઈન કરાવેલ હોય તે પ્રાધ્યાપકશ્રીઓને એક પેપરના રૂા. ૭૫/– લેખે ચૂકવવા તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

(૧)

| Sr. No. | Duty / Nature of Work | Units | Revised Rates of Remuneration(In Rs.) |
|---|---|---|---|
| 8 | Re-assessment Answer Sheet evaluation online | Per Paper | Rs.75/- per paper subject (Minimum 1000/-) |

(૨)

| Sr. No. | Duty / Nature of Work | Units | Revised Rates of Remuneration (In Rs.) |
|---|---|---|---|
| 23 | Head Clerk – Practical Exam | Per day | Rs. 400/- |

ઉપરોક્ત વિગતો ફાયનાન્સ કમિટિમાં રજુ કરી તેની મંજુરી મેળવવાની રહેશે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

<u>બાબત–૧</u>
પરીક્ષાની કામગીરી માટે ચીફ સુપરવાઈઝર / પ્રિસાઈડીંગ ઓફીસરની નિયુકિત બાબત.

તમામ કોલેજોના આચાર્યશ્રીની તા. ૧૫/૦૩/૨૦૧૮ ની સભામાં કાર્યસૂચિ–૪ થી થયેલ નિર્ણય અનુસાર જે તે કોલેજના આચાર્યશ્રીએ જ ચીફ સુપરવાઈઝર / પ્રિસાઈડીંગ ઓફીસર તરીકે ફરજ બજાવવાની રહે છે. આ નિર્ણય ધ્યાને લઈને પરીક્ષાની કામગીરી માટે આચાર્યશ્રીએ જ ચીફ સુપરવાઈઝર / પ્રિસાઈડીંગ ઓફીસર તરીકે રહેવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં આ નિમણુંક બદલાવવાની રહેશે નહીં. માત્ર અનિવાર્ય સંજોગોમાં અન્ય પ્રાધ્યાપકશ્રીની ચીફ સુપરવાઈઝર / પ્રિસાઈડીંગ ઓફીસર તરીકે નિમણુંક કરવાની થાય તો તે નિમણુંક જરૂરી આધારા પુરાવા સાથે યુનિવર્સિટીમાં રજુઆત કર્યા બાદ યુનિવર્સિટીની મંજુરી મળ્યા બાદ જ થઈ શકશે. આ બાબતની જાણ દરેક કોલેજને કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

Hzhala

**( એચ. પી. ઝાલા )**
**ઈન્ચાર્જ પરીક્ષા નિયામક / સભ્ય સચિવ**

---

નં.૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૪–૨૫/ ૬૨૮ — તા. ૨૩/૦૭/૨૦૨૪ ૨૫

પ્રતિ,
સર્વે સંબંધિત સદસ્યશ્રીઓ તરફ.....
(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૨) કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૩) વૈદ્ય ભરતભાઈ કળસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
હાલ : નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૫) વૈદ્ય ભરતભાઈ મુંગરા, રીડર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૬) વૈદ્ય દિલિપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) વૈદ્ય સારીકાબેન ધનંજયભાઈ પટેલ, પ્રોફેસર, શ્રી વી. એમ. મહેતા ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદા, આણંદપર, રાજકોટ
(૮) વૈદ્ય અર્પણભાઈ એ. ભટ્ટ, પ્રોફેસર, આઈ.ટી.આર.એ., જામનગર
(૯) કંટ્રોલર ઓફ એકઝામીનેશન, પરીક્ષા શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**<u>નકલ રવાના</u> :–**
(૧) પી. એસ. ટુ વી. સી. (૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર
(૩) હિસાબી શાખા (૪) કોમ્પ્યુટર પ્રોગામરશ્રી, કુલપતિશ્રી કાર્યાલય